Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

શ્રાવણ
અંક ૧૦-૧૧
પુસ્તક ૯૪

ભાદરવા
સંવત ૨૦૩૪
તા. ૭મી ઓકટોબર ૧૯૭૮



સ્વ. શા. જગજીવનદાસ ભગવાનદાસ

પ્રગટ :- શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : વર્ષ ૯૭ મું : વાર્ષિક લવાજમ પોસ્ટેજ સહિત ૬-૫૦

## —: अनुक्रमणिक :—



| ક્રમ | લેખ | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧ | ગુરુ સ્તુતિ | સ્વ. માસ્તર શામજી હેમચંદ દેશાઈ | ૩ |
| ૨ | કર્પુર સૌરભ | અમરચંદ માવજી શાહ | ૪ |
| ૩ | અનાથ-સનાથ | રતિલાલ માણેકચંદ શાહ | ૬ |
| ૪ | મિચ્છામિ દુક્કડમ્ | પ્રો હરીશભાઈ આર. બેંકર (વોરા) | ૮ |
| ૫ | ભાવ મન્દિર | પ્રો. હીરાલાલ ર. કાપડીયા | ૧૦ |
| ૬ | "જાણવા જેવું" | મણીલાલ મો. ધામી | ૧૧ |
| ૭ | શ્રી જૈન શ્વે એજ્યુકેશન બોર્ડ | નગીનદાસ જસરાજ શાહ | ૧૪ |
| ૮ | વિદ્યાલય દર્શન | — | ૧૫ |



## ✲.........આ મં ત્ર ણ.........✲

**સુજ્ઞ સભાસદ.**

(૧) સંવત ૨૦૩૫ના કાર્તિક શુદ એકમ ને બુધવાર તા. ૩૧-૧૦-૭૮ ના શુભ દિવસે સભાના મકાનમાં સવારના દશ કલાકે આપણી સભાના પ્રમુખ શ્રીયુત **શેઠશ્રી** (બકુભાઈ) **રમણીકલાલ ભોગીલાલ** તરફથી દુગ્ધપાન કરાવવામાં આવશે

(૨) કાર્તિક શુદ પંચમીને રોજ રવીવારના સભાના હોલમાં કલાત્મક રીતે જ્ઞાન ગોઠવવામાં આવશે.

(૩) કાર્તિક શુદ છઠ્ઠને સોમવારના રોજ સવારના ૯-૩૦ કલાકે જ્ઞાન સમીપે શ્રી પંચજ્ઞાનની પૂજા રાગરાગણી પૂર્વક ભણાવવામાં આવશે.

ઉપરના પ્રસંગોએ હાજરી આપવા આપને ભાવભર્યું આમંત્રણ છે.

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા**
**ભાવનગર.**

**દીપચંદ જીવણલાલ શાહ**
તથા
**જયંતિલાલ મગનલાલ શાહ**
મંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૯૪મું | અંક ૧૦-૧૧ | શ્રાવણ–ભાદરવા | વીર સં. ૨૫૦૨ | વિક્રમ સં. ૨૦૩૪

## ગુરુ સ્તુતિ

વૃદ્ધિચંદ્ર ગુરુતણી હૃદયથી સેવા ખરી આચરી
વાણીવીર વિભુતણી જગતનાં વિસ્તાર સ્નેહે કરી
પૌઢાવસ્થામાં પ્રકાશ કરવા આવું નવા વર્ષમાં
આપો શક્તિ અપૂર્વ આજ સુજતે તો વિચરુ હર્ષમાં

સ્વ. માસ્તર શામજી હેમચંદ દેશાઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કર્પુર સૌરભ

(હપ્તો ૫ થો ચાલુ) પ્રસારક – અમરચંદ માવજી શાહ

૬૨. જેઓ નિર્મળ શીલવ્રતને પાળે છે તેને ચરિત્રપણા સુખકારક થાય છે, પરંતુ શીલવીકળ–દુશચારી જીવોને દિવસ ચિન્તાગ્રસ્ત પણાથી સુખકારક થતો નથી; એમ સમજી સહુ શાણા સજ્જનોએ પવિત્ર શીલવતનું નિર્મળ ભાવથી પાલન કરવાની જરૂર છે.

૬૩. સમભાવ-શાન્ત ભાવનું સેવન કરનારા જેઓ એક નિશ્ચયવાળા છે, કર્મ શત્રુઓનો પરાભવ કરવા જેમનું દ્રઢ લક્ષ છે અને વિષય વિકારોથી જેઓ લેવાતા નથી તેવા શ્રેષ્ઠ સાધુજનો ખરેખર ભક્તિ લાયક છે.

૬૪, જે ઈન્દ્રિયોને કબજે રાખવામાં શુરા છે, નવાં કર્મ બંધન કરવામાં કાયર છે, વળી તત્વચિંતક હિતસ્વીને સ્વશરીર ઉપર પણ સ્મૃતરહિત છે, પરિષદો રૂપ મહા-શત્રુઓનું બળ હઠાવવામાં અને કષાયોનો નિગ્રહ કરવામાં શુરા છે તેજ ખરા શુરવીર કહેવાય છે.

૬૫ સહુ જીવોને તમે સ્વાત્મા સમાન ગણી, સહુ સાથે ભાઈચારો રાખો. તેમને દુઃખ સંકટ પડે તેમાં બનતી સહાનુભૂતિ આપો. ગમે તેવો દુશ્મન હોય તેને પ્રેમથી અપનાવો–પોતાનો મિત્ર કરો.

૬૬. પાપ કર્મ પ્રત્યે ભલે તિરષ્કાર રાખો પણ પાપી જીવ તરફ લગારે નિરસ્કાર ન રાખો શુદ્ધ પ્રેમ ભાવથી તેની ભૂલ સુધારવીને તે ફરી ફરી પાપ કર્મથી દુઃખી થવા ન પામે એવો એને પુણ્ય માર્ગ બતાવો.

૬૭. જેમ બને તેમ ભોજનાદિક વ્યવહારમાં સંયમને સાદાઈ રાખો, વસુ પોષાકમાં પણ સાદા બનો, શુદ્ધ વસ્તુથી સંતોષ થશે વિશ્વપ્રેમ (સંપૂર્ણ જગત) સાથે પ્રેમભાવ જાગ્રત રાખી સઘળાં હિતકાર્ય કરો, તમામ પાપકર્મ તજી, શુદ્ધ નિર્મળ ધર્મકર્તવ્ય સેવતા રહો સહુનું કલ્યાણ થાય એવી મૈત્રી ભાવના સદોદિત જાગૃત રાખો,

૬૮. સુખી થવાનો ફકત એક જ માર્ગ છે ને તે ઇશ્વર પર શ્રદ્ધા અને વિશ્વાસ રાખવો. જેને ઈશ્વર પર વિશ્વાસ છે તે દુઃખી થતાં નથી. અને કદાચ દુઃખ આવે તો તેની પરવા કરતો નથી, તેથી તેને દુઃખ પણ સુખરૂપ થાય છે.

૬૯. સાદાઈ રાખવી, બીન જરૂરી નકામી વસ્તુનો ત્યાગ કરવો, તેના વગર ચલાવી લેવું. ખોટા આવેશમાં આવી સ્વશક્તિનો દુરુપયોગ ન કરવો; સંચિત શક્તિનો સારામાં કાર્યમાં ઉપયોગ કરતાં રહેવું, દ્રઢ (નૈષ્ઠિક) બ્રહ્મચર્ય પાળવું, ન્યાય નીતિને પ્રમાણીકતાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાણુસમાં લેખવાં, સંતોષ વૃત્તિ ભજવી, સહુને આત્મ સમાન ગણી પ્રતિકુળતા નહીં ઉપજાવતાં અનુકુળ આચરણ સેવવું. એ સર્વ સામાન્ય સનાતન નીતિ રીતિ સદાય લક્ષગત રાખી રહેવું.

૭૦. ચા, બીડી, હોટેલનું ખાણું, નીસો, મદ ઉપજાવે એવી ચીજોનું સેવન, મોહક ફેશનેબલ વસ્ત્ર પાત્રાદિકની વપરાશ અને માન ચાંદ વિગેરેને મુગ્ધજનો સારા જાણી મહત્વ આપે છે, ત્યારે દીર્ઘદ્રષ્ટિને દેશદાઝવાળા દરેકે દરેક ભાઈ બ્હેન તે બધાને ભારે અનર્થ અને આવીને આપનારા સમજી તજી દે છે, અને બુદ્ધ સ્વદેશી વસ્ત્ર-પાત્ર ખાનપાત્રાદિકનેજ ગુણકારી સમજીને પસંદ કરે છે.

૭૧. દીન દુખી જનોનું દુઃખ દુર કરવા આપણું તન-મન-ધનથી બનતો પ્રયાસ કરવો તેમના દુઃખનું કારણ શોધી તે દુઃખનો સમુળમો અંત આવે તેવા પ્રકારનો ઉપાય કરવો. કોઈપણ દીન દુખીનું દુઃખ જોઇને આપણું હૃદય દ્રવવું જોઇએ અને તેનાં દુઃખયે અંત આવે અથવા ઓછાં યતાં જાય તેવું વર્તન આપણે રાખવું જોઈએ. સુખી અને સદ્ગુણ મનુષ્યોને જોઈને દિલમાં રાજી થવું જોઇએ.

૭૨ સાદુ સાત્વિક પરિચિત નિયમિત નિર્દોષ ઈચ્છિત ખાનપાન કરવાથી શરીરનું આરોગ્ય ઠીક સચવાય છે અને આપણાં નિત્યકર્તવ્ય સ્ખલના રહિત સાધી શકાયો.

૭૩ શરીરનો સચો બગડે ત્યારે તેને નિયમમાં લાવવા, મળતી શુદ્ધ કરવા બંધન ઉપવાસાદિક અકસીર ઉપાય છે, છતાં નિર્બળ મનના લોકો શરીર મમતાથી દુઃખ રૂપ થાય એવું નકામું ખાનપાન કર્યા કરે છે આપણા લોકો આરોગ્ય રક્ષાના નિયમો કયારે પાળતા શીખશે?

૭૪ શુદ્ધ હવા પાણી પ્રકાશ એ સ્થળમાં સહે જે મળે એવું સુંદર નિર્દોષ સ્થળ રહેવા માટે પસંદ કરવું જોઇએ ગંદકી કે દુર્ગંધીથી દુષિત સ્થાન ન હોવું જોઇએ વસાદિક સાદા પણ સ્વચ્છ રાખવા જોઇએ.

૭૫ જેમ કાટ લોઢાને ખાઈ જાય છે, તેમ આળસ-પ્રમાદ એદીપણું પર શરીરને લગાડી નાંખે છે. શરીરને સારી રીતે કસતાં રહેવું જોઈએ, જેથી તે સુખશીલ બની એકાગ્રસ્ત થઈ ન જાય.

૭૬ સુખે પચીશકે એવો સાદો અને સાત્વિક નિર્દોષ વનસ્પતિ ખોરાક નિયમીત વખતે માફકસર ક્ષુધાને શાંત કરવા તેમજ ક્ષીણતા દુર કરવા લેવો જોઇએ.

૭૭ શરીર આરોગ્ય સારૂં સચવાય તો ચિત્ત પ્રસન્ન રહે છે, અને ચિત્તની પ્રસન્નતાથી સુખશાંતિમાં વધારો થઈ શકે છે. જેથી પરિણામે પરભવ પણ સુધરી શકે છે.

[ ક્રમશઃ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનાથ—સનાથ

લેખક : રતિલાલ માણેકચંદ શાહ

જ્યાં સુધી આપણે આપણા આત્માના ગુણોને પિછાણતા નથી ત્યાં સુધી આ અનંત એવા સંસારમાં આવન જાવન કર્યા કરીએ છીએ, તેમાં ઘુમ્યા કરીએ છીએ, અને અનંતા દુઃખો ભોગવ્યા જ કરીએ છીએ; સતપુરૂષોએ સંસારને દુઃખ રૂપ જ કહ્યો છે, કારણ કે સંસારમાં માનેલું સુખ તે કાલ્પનિક છે. કલ્પનાથી ઉભુ કરેલું છે; સાચે સાચ તે સુખ નથી, કારણ કે તે કાયમ ટકતું નથી. અજ્ઞાનતાને વશવર્તી જન્મ–મરણના વિષ ચક્રમમાં અટવાઈ ગયો. તૃષ્ણારૂપી મૃગજળ પાછળ અનંતકાળથી આથડયો. પરંતુ સંસાર દુઃખ રૂપ લાગ્યો નહિ જ્યારે સંસાર પરથી દ્રષ્ટિ હઠે ત્યારે પરમાર્થ પ્રત્યે ભાવ જાગે. અનાદિકાળનો આ સંસાર છે; વિતરાગ ભગવંત મહાવીરે જમાલીને કહ્યું હતુ કે સંસાર શાશ્વત છે અને અશાશ્વત પણ છે. આવોને આવો સદા રહેવાનો છે. માટે સાશ્વત અને અમુક આત્માની અપેક્ષા એ તે અશાશ્વત છે. જીવ જાગેને સાચો પુરૂષાર્થ આચરેતો તે સંસારથી મુકત થઈ શકે છે; તેથી અનંતકાળનો સંસાર હોવા છતાં પણ પ્રત્યેક જીવ તેમાં અનંતકાળ રહે તેવુ નથી. અનાદિસાંત પણ છે.

જ્યાં સુધી આપણે મિથ્યાત્વમાં આળોટયા કરીએ છીએ અને સમકિતનો આવિસ્કાર કરી શકતા નથી ત્યાં સુધી ભયંકર એવી ભવાટવીમાં ભટકવાનું ચાલુ જ રહે છે પ્રત્યેક પાપનું મૂળ મિથ્યાત્વ છે; માટે પ્રથમ મિથ્યાત્વને લુપ્ત કરવું આવશ્યક છે. અજ્ઞાનતાને કારણે જીવ અહમને પોષે છે. ધન, રૂપ, બળ, વિદ્યા, કુળ, જાતિ, ઐશ્વર્ય અને તપ એ આઠ પ્રકારના મદ છે. તેમાં આત્મા અટવાઈ જાય છે. સંસારનું કહેવાતું સામાન્ય સુખ પ્રાપ્ત થયું તેમાં અહંકાર કરે છે. અનંતાનુબંધી કષાય મિથ્યાત્વ સાથે રહે છે. પ્રથમ તેને વિલીન કરવાની જરૂર છે. સત પુરૂષો કહી ગયા છે કે, "જો માન ન હોય તો અહીંજ મોક્ષ હોય" હું જાણુ છું તેમ થાય છે તે અનંતાનુબંધી માન છે, તે જાય તો સમકિત થાય, મિથ્યાત્વ જાય ત્યાંથી જ મોક્ષની શરૂઆત છે, જ્યાં સુધી કર્મ આત્મા પર છવાયેલા છે ત્યાં સુધી તે સંસારમાં અથડાયા કરે છે.

વિતરાગ ભગવંતો, સિદ્ધો ભગવંતો કર્મથી અલિપ્ત થઈ ગયેલા છે એટલે કે પૂર્ણતાને પામેલા છે. તેથી તેમનું અવલંબન લેવું આવશ્યક છે; ભગવંતે કહેલા તત્વ વિના મોક્ષનો આવિર્ભાવ થઈ શકે તેમ નથી. અને તે માટે પ્રથમ સુદેવ, સુગુરૂ, અને સુધર્મ ને શરણે જવું અત્યંત જરૂરી છે. અને પ્રત્યેક ક્ષણે હું શું કરી રહ્યો છું તેના સંદર્ભમાં વિચારવું જોઇએ. પાંચ ઈંદ્રિયોના વિષયોમાં આળોટયા કરવું તે પ્રપંચ છે, પરમાર્થના રાહ પર પગ ચાંપવા હોય તો ઇંદ્રિયોનો સંયમ જોઇએ. આપણો આત્મા વિભાવદશામાં ઘુમતો હોવાથી સંસારિક સુખોમાં રાચ્યા કરે છે એટલે તેને લાડી, વાડી, ગાડી, બાગ-બગિચા, વિષય–કષાયો, કુટુંબિજનો, ધનાદિમાં આકર્ષણ રહે છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે તેમાં સુખ માને છે જે પરિવર્તન શીલ ચલાયમાન અને વિનાશક છે, એક દિવસ તે છુટી જાય છે અગર છોડવા પડે છે. જે છોડવાનું છે તેને સારૂં માની બેઠો છે. તેથી તે છુટે પણ કેવી રીતે?

અનાદિ કાળથી અજ્ઞાનથી અંધ થયો છું, પણ સદ્ગુરૂના ઉપદેશથી અજ્ઞાન વિલીન થાય અને વિવેક પ્રાદુર્ભૂત થાય. પરંતુ એવી વિવેક કરવાની શકિત પણ મારામાં નથી. જો વિવેક તો આવિષ્કાર થાય તો તે અજ્ઞાન લુપ્ત થાય એવો જીવ બળવાન છે. વિવેક એટલે સત્ય વસ્તુનો નિર્ણય કરવો તે છે. જડ અને ચેતનને તે જેમ છે તેમ પિછાનવા, તત્વની સાચી સમજ, દેહ અને આત્માની ભિન્નતા જાણવી તે વિવેક છે જયાં અજ્ઞાનતા હોય ત્યાં વિવેક સંભવી શકે નહિ અને જયાં વિવેક ન હોય ત્યાં મૂઢતા હોય, વિવેક શકિત એટલે ભેદ જ્ઞાન. અજ્ઞાન દશામાં પણ જો છૂટવાની જિજ્ઞાસા હોય તો મૂઢ ન કહેવાય. પરંતુ જયાં વિવેક શકિત નથી અને તેનું ભાન પણ નથી તે નરી મૂઢતા છે. આત્મ લક્ષની ખબર નથી; તેનો વિચાર પણ નથી, છતાં પોતાને ડાહ્યો સમજે અને હું બધું સમજુ છું એમ માને તે મૂઢ છે; અજ્ઞાન દશામાંથી બહાર આવવું હોય તો સત પુરૂષના આશ્રયે જવું જોઇએ પરંતુ તેમ નથી તેથી હું નિરાશ્રિત છું, અનાથ છું, જેનું આ સંસારમાં કોઇ ન હોય તે અનાથ કહેવાય ખરોનાથ આત્મા છે, તેનો આવિર્ભાવ થાય ત્યારે; સનાથ થવાય.

## દુ:ખદ અવસાન

શ્રી ભાવનગર જૈન શ્વેતામ્બર મુર્તીપૂજક તથા સંઘનાં માજી મંત્રી તથા આપણી સભાનાં ઉપપ્રમુખ **શાહ જગજીવનદાસ ભગવાનદાસ ચા વાળાનું** તા. ૩૧-૮-૭૯ ને ગુરૂવારે બપોરે ૮૮ વર્ષની ઉમરે અવશાન થયેલ છે તેથી જૈન સમાજને એક મહાન ખોટ પડી છે તેઓશ્રી અનેક જૈન સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. તેઓ દરેક ધાર્મીક પ્રવૃતિમાંઉંડો રસ લેતા હતા. તેઓ સ્વભાવે ખુબજ નમ્ર અને સરળ હતા. તેઓ પાસે આવેલ કોઇ પણ દીન દુખયારો ખાલી હાથે પાછો જતો નહિં. તેઓ એક ઉત્તમ જીવદયા પ્રેમી હતા. તેઓ એ જીવનમાં ઘણા ઢોરોને અભય દાન આપેલ તેઓ એ ઘણા વર્ષો સુધી શ્રી સંઘની તન મન અને ધનથી સેવા કરી છે આપણે એક ઉંડા વિચારશીલ અને વ્યવાહાર કુશળ, ઉદારદીલ આત્મા ગુમાવેલ છે, તેમના અવશા નથી આ સભા શોકની ઘેરી લાગણી અનુભવે છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્થે તેવી પ્રાર્થના કરીએ છીએ. તેમની એક પુત્રી તથા તેમનો વિશાળ પુત્રો-પુત્રી પરિવારને આવી પડેલ દુઃખ સહન કરવાની શાશન દેવ શકિત અર્પે એજ અભ્યર્થના.

લી. તંત્રી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# मिच्छामि दुक्कडम् ।

લેખક : પ્રો. હરીશભાઇ આર. બેંકર (વોરા)
બી.એસ.સી.એમ.ઈ.ડી.

શ્રાવણ માસમાં હિન્દુઓના મોટા ધાર્મિક તહેવારો આવે છે. દરેક ધર્મમાં મુખ્ય તહેવારો આવે ત્યારે ચોક્કસ હેતુથી અમુક પ્રકારની ક્રિયાઓ કરવામાં આવે છે. જેમકે વૈષ્ણવોનો મુખ્ય તહેવાર જન્માષ્ટમી છે અને શ્રીકૃષ્ણ જન્મોત્સવ પરમાનંદથી ઉજવે છે. તેવું જ પારસીમાં પટેટી; મુસ્લીમોમાં ઇદ, ખ્રિસ્તીમાં નાતાલ વગેરે છે. તે દરેક ધાર્મિક તહેવારોની દ્રષ્ટિએ જૈનો જરા જુદા પડે છે, તે સમજવા પ્રયત્ન કરીએ.

જૈનો જેને પર્વાધિરાજ પર્યુષણ કહે છે તેમાં સંવત્સરિ પર્વ તેનું જ મહત્વ છે. આ પર્વાધિરાજ પર્વની ઉજવણી માટેની જાગૃતિ લાવવા માટે સૌથી પ્રથમ "સંવત્સરિ" પૂર્વે ૧ માસ પહેલાં "માસ ક્ષમણ ધર" ઉજવવામાં આવે છે. આઠ દિવસ પૂર્વે "અઠ્ઠાઈ ધર" અને ત્રણ દિવસ પૂર્વે "તેલાધર" ઉજવવામાં આવે છે. પછી "સંવત્સરિ પર્વ" આવે છે જાણે કોઇનો મહાન વરઘોડો નીકળવાનો હોય જેમાં પ્રથમ અનેક પ્રકારના વાદ્ય સંગીત પછી નાના મોટા વાહનો અને મુખ્યા પ્રજાજનો અને પછી છેવટે મુખ્ય વ્યકિતની સવારી આવે તેવી કલ્પના સંવત્સરિ માટે થાય છે. સંવત્સરિ પર્વ આવતાં પહેલા તેને માટેની જાગૃતિ સભાનતા-ઉપયોગ, કેળવવા માટે તેવું આયોજન કરવામાં આવ્યું છે

આવા મહાન "સંવત્સરિ પર્વનો" હેતુ શો હશે તેવો પ્રશ્ન સ્વાભાવિક રીતે થાયજ. શું તેમાં કોઇ ભગવાનનો જન્મોત્સવ ઉજવવાનો છે? શું ત્યારે અગ્રગણ્ય આચાર્ય ગણધરજી કે પન્યાસજીનું સન્માન કરવાનું છે? શું તે દિવસે જૈન તવંગરો અરસ પરસ મિજબાની ગોઠવી આનંદ-પ્રમોદના સાધનો ઉપભોગ કરવાના છે? શું તે દિવસે મોટો જમણવાર ગોઠવીને અન્ય સમાજને પ્રભાવિત કરવાનો છે? શું તે દિવસે ક્રિડા મહોત્સવ કે મનોરંજન કાર્યક્રમો ગોઠવીને મેળાવડો કરવાનો છે?

"સંવત્સરિ" મહાપર્વમાં ઉપર જેવું કશું જ નથી. તે "ક્ષમાપના" પર્વ છે ક્ષમાપના પર્વ ઉજવવા માટે સતત આઠ દિવસ પર્યુષણ નિમિત્તે ઉજવવામાં આવે છે આ ઉપરથી જ "ક્ષમા"નું મહત્વ જૈન ધર્મમાં કેટલું છે તે સમજી શકાય છે

હવે આપણે "ક્ષમાપના" શું છે તે સમજવા પ્રયત્ન કરીએ.

खामेमि सव्वें जीवा सव्वे जीवावि खमंतुमे । मित्तिमें सव्व भूअसु वेरमजं न केंणई ॥

આ ગાથા (શ્લોક) સમજવા પ્રથમ પ્રયત્ન કરીએ.

સૌથી પહેલુ પદ खामेमि सव्वें जीवा એટલે કે "હું સર્વ જીવોને ખમાવું છું. ક્ષમાવું" પહેલા પદમાં બીજાની ક્ષમા યાચતા નથી પરંતુ સર્વ જીવોને ખમાવવાની (ક્ષમાવવાની) વાત છે. ત્યાંજ વીતરાગ વાણીની ખૂબી છે. પહેલા ક્ષમા આપવાની પછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષમા યાચવાની. પહેલું કામ વધુ અગત્યનું છે, એટલું જ નહીં કઠીન પણ છે. દુષ્કર છે એતી દુષ્કર છે. બીજાની ક્ષમા માગી લેવી તે તો સહેલું છે. પરંતુ બીજાને ક્ષમા આપવી તે તો વીરપુરૂષનું જ કાર્ય છે. ક્ષમાવંત બનવું એટલે બીજાએ કરેલી ભૂલો-દોષો અપમાન નિંદા વગેરે નો બદલો લેવા સમર્થ હોવા છતાં પણ તે ભૂલી જવું તેને ક્ષમા આપવી. તેમાં નિર્બળતાની નિશાની નથી. કાયરતાનું લક્ષણ નથી શૂરવીરપણાનું લક્ષણ છે. ક્ષમા આપ્યા પછી જે તે વ્યક્તિ સાથેનો ભૂ કાળ તદ્દન ભૂલી જવાનો! તે જે તે વૈરનો સમૂળગો નાશ! કેટલી અદ્ભૂત વાત છે. આવી ક્ષમાના ઉદાહરણો આગમમાં સંખ્યાબંધ છે. ખંધક સન્યાસીની ચામડી ઉતારનાર માણસને એક જ મિનિટમાં ચમત્કાર બતાવી શકનાર ખંધક સન્યાસીની ક્ષમા આપણે અગાઉ જોઇ ગયા છીએ. જેણે ધરણેન્દ્ર સાક્ષાત સહાય કરવા આવેલ તે શ્રી પાર્શ્વનાથની કમઠ પત્યેની ક્ષમા કેવી અજોડ હતી! એક જ મુષ્ટિ પ્રહારથી જે ભરતના પ્રાણ લઈ શકે તેવા શ્રી બાહુબલિજી જેણે મુષ્ટિ મારવા ઉપાડેલ હાથે ક્ષમા વડે કરીને પોતાના જ કેશનું લોચન કર્યું. જેની સેવામાં અહોરાત્રી શક્રેન્દ્ર મહારાજ રહેતા તેવા મહાવીર પ્રભુએ પોતાના કાનમાં ખીલા મારી જનાર પ્રત્યે આવી અદ્ભુત ક્ષમાનો પ્રયોગ કર્યો હતો. વાંચક વર્ગ આપ ક્યારેક આ પ્રયોગ કરી જોશો તો આપને ખ્યાલ આવશે કે કેવો અનંત શક્તિ-માન આત્મા આપના આ સ્થુર દેહમાં બિરાજી રહ્યો છે. ક્ષમાધારક ક્રમેકરીને પોતાના આત્માનું વિર્ય ફોરવે છે અને કર્મદળનો નાશ કરે છે તમને નુકશાન કરનાર વ્યક્તિ તમને ગાળદેનાર વ્યકિત તમારા પૈસા પાડનાર વ્યકિત, તમારી સાથે ઝગડો કરનાર તમને માર મારનાર વ્યકિત વગેરે સર્વેને તમે સંવત્સરી પર્વના દિવસે ક્ષમાવો છો ને? તે વ્યકિત ફરીથી કોઇ ગરજ અનુસાર તમારી પાસે કામ માટે આવે ત્યારે તે બધું ભુલીને તેનું કામ કામ કરી આપો છો ને? કે હવે આ ઠીક લાગમાં આવ્યો છે તેવું વિચારો છો? જો પાછળ પ્રમાણે થતું હોય તો તે માત્ર 'મિચ્છામી દુકકડમ્" વાણીમાં જ છે. આત્મા-પોતાનેજ છેતરી રહ્યો છે તેના જેવું માયાકપટ બીજુ શુ હોઈ શકે? "ક્ષમાવું છું કહેનાર વ્યક્તિ બીજે જ દિવસે ક્રોધ વેર અને ઝગડાના ભાવમાં ખેંચાઇ જતો હોય તો તેને ક્ષમાવંત કેમ કહીએ. માટે ક્ષમા આપવી તે દુષ્કર કાર્ય છે. કાયરનું કામ નથી.

શ્રીવીતરાગ પ્રભુ કહે છે કે ક્ષમા આપીને બીજાની ક્ષમા માગો બીજા જે જીવો પ્રત્યે તમારાથી કોઈ અયોગ્ય વર્તન થયું હોય તે સર્વેને તમે કહો કે "સર્વો જીવાવી ખમંતુ મે" મન સર્વ જીવો ક્ષમાવો (ક્ષમા આપો) ક્ષમાવીને જ ક્ષમા માગવાનો અધિકાર છે. અને બંને ક્રિયા થઈ જાય પછી જ "આ જગતના સર્વ જીવો મારા મિત્ર છે" તે શકય બને છે. "મિત્તીમે સવ્વ ભુએસુ-" અને જયારે સર્વ જીવો મિત્ર છે ત્યારે જ "વેર મઝકમ્ ન કેણઈ" "મારે કોઇની સાથે વૈર ભાવ નથી" તેમ બને છે.

अस्तु सुझेषु किं बहुना ।

પ્રાધ્યાપક બી. એફ. કોલેજ

સુરેન્દ્રનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભાવ-મન્દિર

લેખક : પ્રો. હીરાલાલ ર. કાપડિયા

જિનાલય, જૈન દેરાસર, જિનભવન છે ઇત્યાદિ શબ્દો દ્રવ્ય-જિનાલય અંગે વપરાતા આવ્યા છે. પ્રત્યેક વસ્તુનો દ્રવ્ય અને ભાવ એમ બંને પ્રકારે વિચાર થઈ શકે એમ લાગે છે. આમ હોઇ મન્દિરનો પણ બે રીતે નિર્દેશ થયેલો જોવાય છે. દ્રવ્ય-મન્દિર અને ભાવ-મન્દિર કેટલાયે દ્રવ્ય-મન્દિરોના પરિચયો પ્રકાશિત કરાયા છે પરંતુ ભાવ-મન્દિર માટે જવલ્લે જ પ્રયાસ થયેલો જોવાય છે. આમ હોઈ હું અત્ર ક્ષમાવિજયના શિષ્ય જિનવિજય કૃત ભાવ-મન્દિર કે જે ઘણાં વર્ષો ઉપર જૈન શ્રેયસ્કર મંડળે પ્રતિક્રમણનાં સૂત્રો કે સેવા કોઇ નામથી પ્રસિદ્ધ કરેલા પુસ્તકમાં પૃ ૫૦૪, ૫૦૫માં પ્રસિદ્ધ કર્યું છે તે અત્ર સાભાર રજુ કરું છું.

"સમકિત દ્વાર પ્રભારે પેસતાંજી પાપ પડલ થયાં દૂર રે;
માતા મરુદેવીનો દાડસોજી, દીઠાં આનન્દપૂર રે,—૧ સમકિત
આયુવર્જિત સાત કર્મનીજી, સાગર કોડા કોડી હીન રે;
સ્થિતિ પ્રથમ કરણે કરીજી, વીર્ય અપૂર્વ મોગર લીન રે,—૨ સ૦
ભંગલ ભાંગી ખાદ્ય કષાયતીજી, મિથ્યા મોહની સાંકળ સાથ રે;
બાર ઉઘાડયાં શમ-સંવેગનાજી, અનુભવ-ભવને બેઠા નાથ રે,—૩ સ૦
તોરણ બાંધ્યાં જીવ દયા તણાંથી, સાથીઓ પૂર્યો પ્રદ્ધા રૂપ રે;
ધૂપઘટા પ્રભુગુણ અનુમોદનાજી, દીપ આઠ મગળ અનુપ રે,—૪ સ૦
સંવર-પાણીએ અંગ પખાલ્યાજી, કેસર ચન્દન ઉત્તમ ધ્યાન રે;
આત્મરૂચિ મૃગમદ મહમહેજી, પંચાચાર કુસુમપ્રધાન રે,—૫ સ૦
ભાવે પૂજો રે પાવન આત્માજી, પૂજો પરમેશ્વર પરમ પવિત્ર રે;
કારણ જોગે કારજ નીપજેજી, ક્ષમાવિજય જિનઆગમરીત૦ રે,—૬ સ૦

પ્રસ્તુત કૃતિનું સવિસ્તર વિવેચન અદ્યાપિ અપ્રકાશિત જ હોય તો સહૃદય સાક્ષર વર્ગને તે રજુ કરવા સાદર વિજ્ઞપ્તિ કરૂં છું. એ જો નહિ જ સ્વીકારાય તો હું મારાથી બનતો પ્રયાસ કરીશ. અત્યારે તો જિનવિજયનો સંક્ષિપ્ત પરિચય આપી આ લઘુલેખ પૂર્ણ કરૂં છું.

જિનવિજયએ 'ભયા' ગચ્છના પંન્યાસ સત્યવિજયના સન્તાનીય અને ક્ષમાવિજયના શિષ્ય થાય છે. એ ઓ રાજનગરના-અમદાવાદના શ્રીમાળી વણિક ધર્મદાસ અને એમની પત્ની લાડકુંવરના પુત્ર થાય છે. એમનું મૂળ નામ 'ખુશાલ' છે. એમનો જન્મ સં. ૧૭૫૨માં, દીક્ષા ૧૭૭૦માં અમદાવાદમાં અને સ્વર્ગગમન સં. ૧૭૯૯માં પાદરામાં. એમની કેટલીક કૃતિઓની ચોવીસીઓ વીશી ઈત્યાદીની નોંધ જૈન ગુર્જર કવિઓ (ભા. ૨, પૃ. ૫૬૩-૫૬૬)માં છે એમાં તો ભાવમંદિરનો નિર્દેશ જણાતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેખક : મણીલાલ મો. ધામી

ત્રણ લોકમાં અકૃતીમ ચૈતાલયની સંખ્યા ૮૫૬૯૭૪૮૧ છે.તે દરેકમાં ૧૦૮ જિનપ્રતિમા રત્ન મય છે એટલે ૮૫૬૯૭૪૮૧X૧૦૮=૯૨૫૫૩૨૭૯૪૮ જિનપ્રતિમા ત્રણલોકમાં છે.

ઉર્દ્ધ લોક મધ્ય લોકને પાતાલ લોક છે તેમાં ઉર્દ્ધ લોક માં ૮૪૯૭૦૨૩ જિનમંદિરો છે તે નીચે પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| સૌ ધર્મ | સ્વર્ગમાં | ૩૨૦૦૦૦૦ | જિનમંદિરો |
| ઈસાન | ,, | ૨૮૦૦૦૦૦ | ,, |
| સનતકુમાર | ,, | ૧૨૦૦૦૦૦ | ,, |
| મહેન્દ્રકુમાર | ,, | ૮૦૦૦૦૦ | ,, |
| બ્રહ્મ બ્રહ્મોતર | ,, | ૪૦૦૦૦૦ | ,, |
| લાતવકાપીપઠ | ,, | ૫૦૦૦૦ | ,, |
| શુક્ર મહાશુક્ર | ,, | ૪૦૦૦૦ | ,, |
| સતારસહસ્રાય | ,, | ૬૦૦૦ | ,, |
| આનત પ્રાનન | ,, | ૭૦૦ | ,, |
| આરણ અરચુત | | | |
| અધો ગ્રેયકમાં | | ૧૧૧ | ,, |
| મધ્ય ગ્રેયકમાં | | ૧૦૭ | ,, |
| ઉર્દ્ધ ગ્રેયકમાં | | ૯૧ | ,, |
| નવ અનુદિશીમાં | | ૯ | ,, |
| પાંચ અનુત્તરમાં | | ૫ | ,, |
| ચોરાશી લાખ સતાણુ હજાર ત્રેવીશ | | ૮૪૯૭૦૨૩ | |

મધ્ય લોકમાં ૪૯૮, જિનમંદિરો છે તેમાં પંચેમેરૂના ૮૦ને નંદિશ્વર દ્વિપનાં પર બાવન જિનમંદિરો સહીતના ૪૯૮ મંદિરો નીચે પ્રમાણે છે. મધ્ય લોક કે જ્યાં આપણે રહીએ છીએ. તે લોક છે. આ અકૃત્રીમ ચૈતાલય છે.

**મધ્ય લોકમાં ૪૫૮ જિનમંદિરોની સંખ્યા :-**

| | | |
|---|---|---|
| પંચમેરૂના | ૮૦ | જિનમંદિરો છે. |
| વક્ષારના | ૮૦ | ,, |
| ગજદંતના | ૨૦ | ,, |
| કુલાચલના | ૩૦ | ,, |
| વિજયાના | ૧૭૦ | ,, |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| પાગભૂમિના | ૧૦ | ,, |
| ઇષ્વાકાર | ૪ | ,, |
| માનુષોતરના | ૪ | ,, |
| નંદિશ્વરદ્રિપના | ૫૨ | ,, |
| કુંડલના | ૪ | ,, |
| રૂચકના | ૪ | ,, |
| ચારસો અઠાવન | ૪૫૮ | |

**અધો અથવા પાતાલ લોકમાં** ૭૭૨૦૦૦૦૦ જિનમંદિરો છે તેની સંખ્યા :-

| | | |
|---|---|---|
| અશુરકુમારનાં | ૬૪૦૦૦૦૦ | જિનમંદિરો છે. |
| નાગકુમારનાં | ૮૪૦૦૦૦૦ | ,, |
| હેમકુમારનાં | ૭૨૦૦૦૦૦ | ,, |
| વિધ્યુતકુમારનાં | ૭૬૦૦૦૦૦ | ,, |
| અગ્નિકુમારનાં | ૭૬૦૦૦૦૦ | ,, |
| પવનકુમારનાં | ૯૬૦૦૦૦૦ | ,, |
| મેઘકુમારનાં | ૭૬૦૦૦૦૦ | ,, |
| ઉદધીકુમારનાં | ૭૬૦૦૦૦૦ | ,, |
| દ્વીપકુમારનાં | ૭૬૦૦૦૦૦ | ,, |
| દિગકુમારનાં | ૭૬૦૦૦૦૦ | ,, |
| | ૭૭૨૦૦૦૦૦ | |

સાત કરોડ બોતેર લાખ જિનમંદિરો છે

| | |
|---|---|
| ઉર્દ્ધલોક | ૮૪૯૭૦૨૩ |
| મધ્યલોક | ૪૫૮ |
| પાતાલ લોક | ૭૭૨૦૦૦૦૦ |
| | ૮૫૬૯૭૪૮૧ |

કુલ આઠ કરોડ છપન્ન લાખ સતાણું હજાર ચારસો એકાશી જિનમંદિરો છે.

આ શાશ્વત જિન બીંબો અને જિનાલયો છે અકૃત્રીમ એટલે કોઇએ બનાવેલા નથી આથી અનાદિ છે તેમજ કોઈ કાળમાં તેનો નાશ થતો નથી માટે અનંત છે. એટલે આદિ અનંત છે. જ્યારે મનુષ્યોએ બનાવેલ જિનમંદિરો લાખો વર્ષોના હોય છતા નષ્ટ થઈ ગયા હોય છે એવા હજારો વર્ષોના મંદિરોના ખંડેરો હાલમાં જોવામાં આવે છે. માટે આ અકૃત્રિમ જિનાલયોનો મહીમા અપર પાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ મંદિરો ઉત્કૃષ્ટ, મધ્યમ, જઘન્ય ત્રણ પ્રકારના છે.

(૧) ઉત્કૃષ્ટ જિનમંદિરની લંબાઇ ૧૦૦ યોજન છે પહોળાઇ ૫૦ યોજન છે ને ઉંચાઈ ૭૫ યોજન છે.

(૨) મધ્યમ મંદિરની લંબાઈ ૫૦ યોજન પહોળાઈ ૨૫ યોજન ઉંચાઈ ૩૭ાા યોજનની છે.

(૩) જઘન્ય મંદિરોની લંબાઈ ૨૫ યોજન પહોળાઇ ૧૨ાા યોજન ઉંચાઇ ૧૮ાા યોજનની છે.

ત્રણ લોકના સંયમી પુરૂષ સ્ત્રીની સંખ્યા ૮૯૯૯૯૯૯૭ આઠ કરોડ નવાણું લખ નવાણું હજાર નવસો સતાણું છે. શ્રુત જ્ઞાન શાસ્ત્રોનાં પદોની સંખ્યા ૧૧૨૮૩૫૮૦૦૫ એક અબજ બાર કરોડ ત્રાશી લાખ અઠાવન હજાર પાંચની છે.

| આવી રીતે દેવ | ગુરૂ | શાસ્ત્ર |
|---|---|---|
| જિનપ્રતિમા | સંયમીજનો | શ્રુત શાસ્ત્રના પદો |
| ૯૨૫૫૩૨૭૯૪૮ | ૮૯૯૯૯૯૯૭ | ૧૧૨૮૩૫૮૦૦૫ |

આ સર્વને મન વચન કાયે કરીને મારા કોટી નમસ્કાર છે.

ઉપર જણાવેલ દેવ ગુરૂ શાસ્ત્રના આ પ્રમાણે દરેક જૈન સવારમાં મનમાં સંકલ્પ કરી મન વચન કાયથી કોટી નમસ્કાર કરવાથી અતીશય પુન્યનો લાભ મળે છે.

જૈન પ્રતિમાની ઓળખાણ શું ?

જૈન પ્રતિમાં ખણાસન અને પદ્માસન હોય પદ્માસન પ્રતિમામાં પદ્માસન ઉપર હાથ હોય છે જ્યારે બૌદ્ધ ધર્મની પ્રતીમા પદ્માસનમાં હાથ ઉપર હાથ નથી હોતા. આ તફાવતથી જૈન પ્રતિમા ઓળખાય છે.

જૈન પ્રતિમાનો ચાર પ્રકાર છે.

અરહંતની પ્રતિમા સિદ્ધની પ્રતિમા તીર્થંકરની પ્રતિમા તે મૂનીની પ્રતિમા.

(૧) અરહંતની પ્રતિમા ઉપર કોઇ ચિન્હન હોય તે

(૨) સિદ્ધની પ્રતિમા ખણાસન મનુષ્ય આકાર રૂપિ પોલી હોય તે.

(૩) તીર્થંકરની પ્રતિમા જેની ઉપર ચોવીશ ચિન્હ પ્રતિમા ઉપર હોય તે.

(૪) મૂનીની પ્રતિમા જેના હાથમાં કે મંડળને પીછી હોય તે.

ઉપર પ્રમાણે દેવ ગુરૂની ઓળખાણ આપી. શાસ્ત્ર જૈનના હોય તેમાં વિતરણતાના પોષક લખાણો હોય તે જૈનના શાસ્ત્રો છે અથવા મહાવીર ભગવાનની વાણી ખરી તેમાંથી ગૌતમ સ્વામીએ શાસ્ત્રો રચ્યા તે બધા જીણવાણી શાસ્ત્રો જૈન શાસ્ત્રો છે.

'જય મહાવીર'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અખિલ ભારતીય જૈન સમાજની ધાર્મિક શિક્ષક સંસ્થા

# શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ–મુંબઇ

પ્રકાશનાર્થે

## ૭૦મી ધાર્મિક પરીક્ષાઓનું પરિણામ

ભારતભરમાં જૈન ધાર્મિક શિક્ષણના પ્રચારાર્થે આ સંસ્થા છેલ્લા ૭૦ વર્ષથી વાર્ષિક પરીક્ષાઓ યુનિવર્સીટીના ધોરણે લેવામાં આવે છે. ભારતના ૪૩ સેન્ટરોમાં તા ૧૬મી જાન્યુઆરી ૧૯૭૮ના ૭૦મી ધાર્મિક પરીક્ષા લેવાઇ હતી. પરીક્ષામાં કુલ ૨૪૯૫ વિદ્યાર્થી ભાઈ-બહેનો અને સાધ્વીજીઓ બેઠા હતાં. તેમાંથી ૨૧૩૩ પરીક્ષાર્થીઓ ઉતિર્ણ થતાં ૮૫ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. દરેક ધોરણમાં પ્રથમ પાંચ ઇનામો ઉપરાંત પોત્સાહન ઈનામો કુલ રૂા. ૩૬૭૪-૦૦ના ફાળવવામાં આવ્યા છે.

સર્વ પ્રથમ નંબરે ઉતિર્ણ થનારના ઉલ્લેખનીય નામો આ પ્રમાણે છે.

| ધોરણ | નામ | ગામ | ગુણ | ઈનામ |
|---|---|---|---|---|
| સંસ્કૃત વિશારદ | નાનાલાલ ઘેલાભાઈ શાહ | મુંબઈ | ૧૫૩-૨૦૦ | ૧૦૧-૦૦ |
| તત્વજ્ઞાન વિશારદ | મહેશભાઇ ફોજાલાલ શેઠ | ,, | ૮૫-૨૦૦ | ૧૧-૦૦ |
| પ્રાકૃત વિશારદ | દિવ્યકાન્ત એમ. શાહ | ખંભાત | ૯૧-૨૦૦ | ૧૧-૦૦ |
| કર્મ વિશારદ | લલીતકુમાર સોમચંદ શાહ | પાલી | ૧૭૨-૨૦૦ | ૧૦૧-૦૦ |
| વિનિત | ગિરીશ શામજીભાઇ મેશેરી | નાગલપુર | ૭૨-૧૦૦ | ૫૧-૦૦ |
| ધોરણ-૬ઠું | અરવિંદાબેન બાબુભાઈ શાહ | ખંભાત | ૯૮-૧૦૦ | ૪૫-૦૦ |
| ધોરણ-૫મું | કોકીલાબેન ચંપકલાલ મહેતા | મુંબઇ | ૮૯-૧૦૦ | ૪૧-૦૦ |
| ધોરણ૦૪થું | પુષ્પાબેન તારાચંદ ઓસવાલ | પુના | ૯૦-૧૦૦ | ૩૮-૦૦ |
| ધોરણ-૩જું | મંદાબેન શંકરલાલ શાહ | ગોધરા | ૮૬-૧૦૦ | ૩૧-૦૦ |
| ધોરણ-૨જું | પ્રબોધચંદ્ર બાબુલાલ સંઘવી | પાલનપુર | ૮૮-૧૦૦ | ૨૫-૦૦ |
| ધોરણ-૧લું | કંચનબેન બાબુલાલ શાહ | અમદાવાદ | ૮૭-૧૦૦ | ૧૮-૦૦ |

આગામી ૭૧મી પરીક્ષા જાન્યુઆરી ૧૯૭૯માં બીજા અઠવાડીયામાં લેવામાં આવશે.

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ,
૨૦, ગોડીજી બિલ્ડીંગ, ૨૧૯-એ. કીકા સ્ટ્રીટ,
વિજયવલ્લભ ચોક, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન નં. ૩૩૩૨૭૩
તા. ૧૦-૮-૧૯૭૮

લિ. ભવદીય,
નગીનદાસ જસરાજ શાહ
કાર્યાલય મંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "વિદ્યાલય દર્શન"

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થીઓનું સંગઠન ઓલ્ડ બોયઝ યુનિયને "વિદ્યાલય દર્શન" નામક માસિક મુખપત્ર શરૂ કરેલ છે. આ મુખપત્રના પ્રકાશનનો હેતુ અગ્રલેખમાં જણાવ્યું છે તેમ, (૧) માતૃસંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સંદેશવાહક રૂપે અ. પૂર્વ વિદ્યાર્થીઓ અને આ પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા સમાજને માતૃસંસ્થાની પ્રવૃત્તિઓથી માહિતગાર કરવો. (૨) વિદ્યાલય પરિવારના ૪૫૦૦ કુટુંબો વચ્ચે કડી રૂપ બનવું અને વિદ્યાલય પરિવારની પ્રવૃત્તિથી એક બીજાને માહિતગાર કરવા અને અન્યોન્ય ઉપયોગી થઇ શકય એવું માધ્યમ પુરૂ પાડવું અને (૩) વિદ્યાલય પરિવારના કેટલાય ભાઇઓ સારાં સ્થાને છે એનો ઉપયોગ માતૃસંસ્થામાંથી તાજેતરમાં છુટા થતાં વિદ્યાર્થીઓને સહાયરૂપ થવાનો છે. અત્રે એ નોંધવું રસપ્રદ થશે કે અત્યાર સુધીમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાંથી ૪૫૦૦થી યે વધુ વિદ્યાર્થીઓ છુટા થયા છે. એ દૃષ્ટિએ આ માસિક મુખપત્રનું પ્રકાશન આવકાર્ય બની રહે છે. તંત્રીઓ તરીકે શ્રી હીંમતલાલ શાંતિલાલ ગાંધી અને શ્રી પન્નાલાલ રસિકલાલ શાહ છે.



## આધ્યાત્મિક ધર્મ પ્રેમીઓને

## અમૂલ્ય ભેટ

૧ યોગ દ્રષ્ટિ સમુચ્ચય, ૨. કારૂણ્યપ્રભા, ૩. મંત્ર વિજ્ઞાન અને સાધના રહસ્ય, ૪. આત્મજ્ઞાન પ્રવેશિકા, ૫ જૈન દર્શનમાં કર્મવાદ, ૬. આત્મા, ૭. જીવન સંજીવની, ૮ સમ્યક સાધના.

ઉપરના પુસ્તકો સિલકમાં હશે ત્યાં સુધી આપવામાં આવશે. ૪ રૂપિયાના સ્ટેમ્પ મોકલનારને પુ. મોકલવામાં આવશે. જેને જે રૂચીકર હોય તે જ મંગાવે; સરનામું ગુજરાતીમાં સાફ અક્ષરે કરવું

મણિબહેન પ્રભાશંકર શેઠ
જૈન પોષધ શાળા
શક્તિ પ્લોટ, મોરબી (સૌરાષ્ટ્ર)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

No. Reg. B.V.-37

# સંયમ છે સુખકારી!

(દુહા)

ધન્ય વિરાગી, મોહને ત્યાગી, વંદન કરીએ આત્મ પ્રકાશી,
મહા પંથના બને ભાગી; ભવાંતરની ભ્રમણા ભાંગી;
આતમ જાગી સંયમ રાગી, નોબત વાગી, લગની લાગી,
જય જય જય હો વિતરાગી (૨).... જય જય જય હો વિતરાગી (૨)...

(રાગ :- મેલી દીયોને ગિરધારી રે મારગડા મારા...)

સંયમ છે સુખકારી રે,
પ્રાણી રે વહાલા,
સંયમ છે સુખકારી...

ખારા સમદર સમ આરે સંસાર છે,
સંયમ ધન રસ લ્હાણી રે પ્રાણી રે વહાલા;
સંયમ છે સુખકારી....૧.

સંયમમાં જેનું મનડું રે મોહયું,
કરમ બંધન એણે તોડયું રે પ્રાણી રે વહાલા;
સંયમ છે સુખકારી....૨

વાતો કરવી સાવ સહેલી છે ભાઈઓ;
વાતો કરવી સાવ સહેલી છે બહેનો;
પ્રત્યક્ષ નહિ પરિમાણી રે પ્રાણી રે વહાલા,
સંયમ છે સુખકારી....૩.

મોહ માયામાં સૌ ઘેલા થયા છે.
જુઓને આંખો ઉઘાડી રે પ્રાણી રે વહાલા;
સંયમ છે સુખકારી....૪.

જ્યોતિબેનને આજ ભાવે સન્માનું
ધન્ય ધન્ય એ અવતારી રે પ્રાણી રે વહાલા;
સંયમ છે સુખકારી....૫.

ફાલ્ગુન કોરપોરેશન
૧૧૨, ડી'સોઝા સ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦૦૦૩.

રચયિતા,
ચીમનલાલ એમ. શાહ 'કલાધર'
(પાલીતાણાવાળા) મુંબઈ

પ્રકાશક : જયંતીલાલ મગનલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.
મુદ્રક : ફતેચંદ ખોડીદાસ ગાંધી, શ્રી અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ-ખારગેઈટ, ભાવનગર ફોન : ૪૬૪૦

For Private And Personal Use Only